**Financial Express (Guj)**

Image for the news result Cholamandalam Q1 profit up 50% at Rs 167 crore

Edition: Ahmedabad Date: 30/07/2016 Page no: 16 Clip size: H: 7 cm / W: 13 cm

India Media Monitor

# ચોલામંડલમનો ચોખ્ખો નફો ૫૦ ટકા વધી રૂા.૧૬૭ કરોડ

ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપનીએ આજે જાહેરાત કરી હતી કે તેણે તા.૩૦મી જૂનના રોજ પ્રથમ કવાર્ટરના અંતે કર બાદ સંકલિત ચોખ્ખો નફો ૫૦.૩ ટકાના વધારા સાથે રૂા.૧૬૭.૦૯ કરોડ નોંધાવ્યો છે. મુરુગપ્પા ગ્રુપની કંપનીએ કર બાદ વર્ષ પૂર્વેના સમાન સમયગાળામાં રૂા.૧૧૧.૧૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

કર બાદ સંકલિત નફો તા.૩૧મી માર્ચ, ૨૦૧૬ના રોજ રૂા. ૫૭૪.૬૫ કરોડનો રહ્યો હતો.

સમીક્ષા હેઠળના સમયગાળામાં કંપનીની કામગીરીની કુલ આવક વર્ષ પૂર્વેના સમાન સમયગાળાના રૂા. ૯૯૦.૪૬ કરોડથી વધીને રૂા. ૧,૧૧૪.૮૧ કરોડ થઇ છે, એમ કંપનીએ એક યાદીમાં જણાવ્યું હતું.

ગયા નાણાંકીય વર્ષ માટે, કામગીરીની સંકલિત કુલ આવક રૂા.૪,૨૧૩.૭૫ કરોડ રહી હતી.

એપ્રિલ-જૂન માટે ચોખ્ખી આવક માર્જિન ગયા વર્ષના સમાનગાળાના ૮.૫ ટકાની સરખામણીમાં ૮.૪ ટકા હતો. બીએસઇ પર કંપનીના શેરનો ભાવ રૂા. ૮.૧૦ એટલે કે ૦.૭૫ ટકા વધીને રૂા. ૧૦૯૨ બંધ રહ્યો હતો.